# सुपासनाहचरियंની હસ્તલિખિત પોથીમાંનાં રંગીન ચિત્રો

## મુનીશ્રી પુણ્યવિજયજી

શ્રી લક્ષ્મણગણિવિરચિત પ્રાકૃત સુપાસનાહચરિયંની હસ્તલિખિત પ્રાચીન પ્રતિમાંથી પસંદ કરીને ૭ સુંદરતમ ચિત્રો આ સ્મારક ગ્રંથમાં આપવામાં આવ્યાં છે. આ પ્રતિ, પાટણના "શ્રીહેમચન્દ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિર"માં ત્યાંના તપાગચ્છીય જૈન સંઘની સમ્મતિથી મૂકાયેલા 'તપાગચ્છીય જૈન જ્ઞાનભંડાર'ની છે. આ આખી પોથીમાં શ્રી સુપાર્શ્વનાથચરિત્રમાંના વિવિધ પ્રસંગોને દર્શાવતાં બધાં મળીને ૩૭ ચિત્રો છે, જે પૈકી ૩૧થી ૩૬ સુધીનાં ચિત્રો પ્રતિના માર્જિનને બાદ કરીને આખા પાનામાં આલેખાયેલાં છે અને બાકીનાં ચિત્રો પાનાના અર્ધા કે ત્રીજા ભાગમાં આલેખાયેલાં છે. દરેક ચિત્રની બાજુમાં ચિત્રનો ક્રમાંક અને તેનો પરિચય આપવામાં આવ્યો છે, જેનો ક્રમવાર ઉતારો આ ચિત્રપરિચયમાં આપવામાં આવશે. પ્રતિમાંનાં ૨૦, ૪૩ અને ૩૩૨ એ ત્રણ પાનાં ખોવાઈ જવાને કારણે કે જીર્ણ થઈ જવાને કારણે નવાં લખાયેલાં છે અને તેમાં ચિત્રો પણ આલેખવામાં આવ્યાં છે, જે મૂળ ચિત્રકળાને પહોંચી શકતાં નથી. આ કારણસર પ્રતિમાં ક્રમાંક ૨-૩-૧૫-૧૬ અને ૩૧ એમ પાંચ ચિત્રો નવીન છે, જ્યારે બાકીનાં બધાં જ ચિત્રો પ્રાચીન અને બરાબર સુવ્યવસ્થિત રીતે સચવાયેલાં છે. આખી પ્રતિ લગભગ જીર્ણદશાએ પહોંચવા છતાં તે આજ સુધી જે રીતે સચવાયેલી છે એ રીતે સચવાશે તો હજુ પણ બીજી બે-ચાર સદીઓ સુધી પ્રતિને કે ચિત્રોને આંચ આવે તેમ નથી.

આ પ્રતિનો નંબર ૧૫૦૬૯ છે અને તેની પત્રસંખ્યા ૪૪૩ છે. પ્રતિની લંબાઈ-પહોળાઈ ૧૧ાા × ૪ાાા ઇંચની છે. પાનાની દરેક બાજુ પર બાર લીટીઓ અને દરેક લીટીમાં ૩૨થી ૩૮ અક્ષરો લખેલા છે. પ્રતિની લિપિ સુંદર અને સચિત્ર સુંદર પોથીમાં શોભે તેવી છે. પ્રતિ વિક્રમ સંવત્ ૧૪૭૯–૮૦માં લખાયેલી છે. તેના અંતમાં નીચે પ્રમાણે લેખનસમયાદિને સૂચવતી પુષ્પિકા છે :


संवत् १४८० वर्षे । शाके १३४५ प्रवर्त्तमाने । ज्येष्ठ वदि १० शुक्रे बवकरणे । **मेदपाटदेशे । देवकुलवाटके** । राजाधिराजराणा**मोकल**विजयराज्ये । श्रीमद्**बृहद्गच्छे । मड्डाहडीय** भट्टारक श्री**हरिभद्रसूरि**परिवारभूषण **पं०भावचंद्रस्य शिष्यलेशेन** । मुनि । हीराणंदेन लिलिखिरे ।

नंदे मुनौ युगे चंद्रे १४७९ ज्येष्ठमासे सितेतरे ।
दशम्यां लेखयामास शुभाय ग्रन्थपुस्तकम् ॥ १ ॥
नंद–मुनि–वेद–चंद्रे वर्षे श्रीविक्रमस्य ज्येष्ठशिते ।
अलिखत् **सुपार्श्वचरितं हीराणंदो** मुनींद्रोऽयम् ॥ २ ॥

આ પુષ્પિકામાં એટલું જણાવવામાં આવ્યું છે કે વિ. સં. ૧૪૭૯માં મેદપાટ-મેવાડ દેશના દેવકુલવાટક—દેલવાડામાં રાણા **શ્રીમોકલ**ના રાજ્યમાં બૃહદ્ગચ્છાંતર્ગત મડ્ડાહડીય આચાર્યશ્રી હરિભદ્રસૂરિના શિષ્ય ભાવચંદ્રના શિષ્ય હીરાણંદે આ પ્રતિ લખી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org






चित्र नं. २. सोमा राजकुमारी साथे भगवाननुं पाणिग्रहण.


←चित्र नं. १. वासभवनमां पृथ्वीमाता साथे भगवान् श्रीसुपार्श्वनाथ.

Jain Education International
For Private & Personal Use Only
www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



चित्र नं. ३. सहस्राम्रवन उद्यानमां भगवानना दीक्षा.



चित्र ५. श्रीसुपार्श्वनाथ भगवानना मोक्षप्राप्ति.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રતિની પુષ્પિકામાં એ જણાવવામાં નથી આવ્યું કે પ્રતિમાંનાં ચિત્રો હીરાણંદમુનિએ પોતે આલેખેલાં છે કે કોઈ નિષ્ણાત ચિત્રકારે આલેખેલાં છે. સંભવતઃ હીરાણંદનાં આલેખેલાં ચિત્રો નહિ હોય. છતાં એ પ્રશ્ન સામાન્ય રીતે અણઉકેલ્યો જ ગણાય.

ચિત્રોની લંબાઈ-પહોળાઈ વધારેમાં વધારે ૮।×૪।।। ઇંચિની છે અને ઓછામાં ઓછી ૩।×૪।।। ઇંચિ છે. મોટા ભાગનાં ચિત્રો ૩।×૪।।। ઇંચિનાં છે. કોઈ કોઈ ચિત્ર ૪।।×૪।।। ઇંચિનાં પણ છે. ચિત્રોમાં લાલ, લીલો, પીળો, આસમાની, ગુલાબી, કાળો, સફેદ, સોનેરી અને રૂપેરી એમ નવ રંગનો ઉપયોગ કરવામાં આવ્યો છે. રંગોની બનાવટ અને મિશ્રણો અતિશ્રેષ્ઠ હોઈ પ્રતિ પ્રાચીન અને તે સાથે જીર્ણ થવા છતાં રંગોની ઝમક અને તેનું સૌષ્ઠવ આજે પણ આંખને આકર્ષે છે. આપણે ત્યાં પ્રાચીન કાળથી ઘણા ઘણા રંગોનું નિર્માણ અને તેનો ઉપયોગ થતો હતો, જેનું ભાન આપણને પ્રાચીન ગ્રંથોમાંનાં ચિત્રો અને પ્રાચીન ચિત્રપટ્ટિકાઓના દર્શનથી થાય છે. આ રંગો મુખ્યત્વે વનસ્પતિ, માટી અને ધાતુઓમાંથી બનતા હતા. જેને લગતા ઘણા ઘણા ઉલ્લેખો આપણને પ્રાચીન ગ્રંથોમાં અને ખાસ કરીને વિપ્રકીર્ણ પ્રાચીન પાનાંઓમાંથી મળી આવે છે. આવા કેટલાક ઉલ્લેખોની નોંધ મેં ભાઈ સારાભાઈ નવાબ સંપાદિત "ચિત્રકલ્પદ્રુમ"માંના મારા "ભારતીય જૈન શ્રમણસંસ્કૃતિ અને જૈન લેખનકળા" નામના અતિવિસ્તૃત લેખમાં આપી છે. તે પછી આને લગતા બીજા કેટલાય ઉલ્લેખો મળી આવ્યા છે. આથી ચિત્રકળા આદિ માટે ઉપયોગી રંગો બનાવવાની કુશળતા આપણે ત્યાં કેટલી અને કેવી હતી તેનો આપણને ખ્યાલ આવી શકે છે.

પ્રાચીન ચિત્રકળાના નિર્માણ સામે આજની કેટલીક વિધવિધ માન્યતા, કલ્પના અને તર્કો–આક્ષેપો હોવા છતાં આ ચિત્રોના નિર્માણમાં એક વિશિષ્ટ પરંપરા હતી, એમાં તો જરાય શંકાને સ્થાન નથી. એ નિર્માણ પાછળના કેટલાક ખ્યાલો વીસરાઈ જવાને લીધે એ ટીકાસ્પદ બને, એ કોઈ ખાસ વસ્તુ ન ગણાય. એટલે પ્રસ્તુત ચિત્રોનું નિરીક્ષણ કરનારે અમુક વિશિષ્ટ દૃષ્ટિએ તેનું અવલોકન કરવું જોઈએ. આ ચિત્રો આપણા પ્રાચીન રીતરિવાજો, સંસ્કૃતિ, વેષ-વિભૂષા આદિ અનેક બાબતો ઉપર વિશિષ્ટ પ્રકાશ પાડે છે, એ એક ખાસ ધ્યાનમાં રાખવા જેવી વસ્તુ છે. આટલું ટૂંકમાં જણાવ્યા પછી હવે પ્રતિમાં જે ક્રમે ચિત્રો અને તેનો પરિચય નોંધાયેલો છે તેનો ઉતારો આ નીચે આપવામાં આવે છે :

| पत्र–पृष्ठ | चित्रांक चित्रपरिचय |
|---|---|
| १–२ | १. श्रीसुपार्श्वजिनः |
| २–१ | २. श्रीसरस्वती देवी |
| २–२ | ३. गुरुमूर्त्ति |
| २२–२ | ४. प्रथम भव । मध्यमउवरिम ग्रिवेके भोग्य |
| २५–१ | ५. भाद्रपद बहुलाष्टमी सुमिनानि पश्यति |
| २५–२ | ६. गजादि चतुर्दश सुमिनानि १४ |
| २७–१ | ७. राजा श्रीसुपइट्ठ । राजाग्रे सुपिनानि कथयति राज्ञी । |
| २८–१ | ८. चारणमुनि सुप्नफलं विचारयति । राजा सुपइट्ठ सुणति । |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| पत्र–पृष्ठ | चित्रांक | चित्रपरिचय |
| --- | --- | --- |
| २९–१ | ९. | राजा श्रीदानं ददंति स्वप्नपाठकानाम् |
| ३१–१ | १०. | राज्ञी पुहमिदेवी प्रसूता ज्येष्ठ उज्ज्वला द्वादशी । सुपार्श्वजन्म |
| ३८–१ डाबी बाजूए | ११. | सुरगिरौ इंद्र स्नात्रं करोति |
| ३८–१ जमणी बाजूए | १२. | सुरा स्नात्रवेलां नानाशब्देन वाद्यतं कुरुते |
| ४२–२ डाबी बाजूए | १३. | राज्ञी वासभवण |
| ४२–२ जमणी बाजूए | १४. | राजा श्रीसुपइट्ठ पुत्रदंसण करणार्थे आगत |
| ४३–२ डाबी बाजूए | १५. | ... |
| ४३–२ जमणी बाजूए | १६. | ... |
| ५०–२ | १७. | श्रीसुपार्श्व पाणिग्रहण भार्या सोमा सहित |
| ५२–२ | १८. | राजा श्रीसुपार्श्व सूर्यमंडलं असितं पश्यति प्रतिबुद्ध |
| ६०–१ | १९. | सहसांब्रवणे दीक्षां ग्रह्णयति जगन्नाथ ज्येष्ठ शुदि १३ |
| ६२–१ | २०. | जगन्नाथु परमान्नं पारयंति । महिंदु पारावयति । महिंदगृहे सुवर्ण रत्न वृिष्ट । देव महोत्सव |
| ६४–२ डाबी बाजूए | २१. | केवलज्ञानं उत्पन्नं सिरीस वृक्षतले फागु व ६ |
| ६४–२ जमणी बाजूए | २२. | समोसरणु |
| ६८–१ | २३. | समवसरण । अशोक चंत्यवृक्ष धनु क २४०० । सोमा नामा भार्या पुत्रसहिता वंदनायागता |
| ६९–१ | २४. | श्रीसुपार्श्वजिन समवसरण । विरुद्ध जीव देसणा श्रुण्वंति |
| ७३–१ | २५. | सोमा नाम पत्नीं दीक्षा दीयते । पउत्तिणीपदे स्थापिता । अनेक भव्यजना दीक्षां ग्रह्णन्ति देशनाप्रतिबुद्धा |
| ७५–२ | २६. | श्रीनंदवद्धणपुराधिपति राजा श्रीविजयवर्द्धण प्रतिबुद्ध । दीक्षा गृहीता । |
| ७६–१ | २७. | श्रीसुपार्श्व देशनां कुरुते । पादपद्मभ्रमर राजा दान विरति । सम्यक्त्वादि सातीचार द्वादशव्रतादि व्याख्यान |
| ७६–२ | २८. | कुमुदचंद उपाध्याय चम्पकमालां पठावयति |
| १३१–१ | २९. | कालिकादेवी वीसभुजा । भीमकुमरमित्र । कापालिक रूप । भीमकुमरः शिलां क्षिपति । भीमकुमर रूपः । तत्र हस्त । खड्गं ग्रह्णाति । कृष्णभुजारूढो आकाशे व्रजति भीमः । महिषारूढा देवी रुंडमालहारा |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



चित्र नं. ४. श्रीसुपार्श्वनाथ स्वामिना प्रथम दिन्न गणधरनुं वनमां आगमन अने पर्षदा समक्ष धर्मोपदेश.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| पत्र–पृष्ठ | चित्रांक | चित्रपरिचय |
|---|---|---|
| २६६–२ | ३०. | **उपर**—सहकारतले श्रुतज्ञानिनं मुनिं कीरी नमस्करोति<br>**नीचे**—रिपुमर्दनराजाग्रे शुकः शुकी संवादं कुर्वेति |
| ३३२–२ | ३१. | आखा पानामां चित्र छे.<br>**डाबी बाजू**—राज्ञश्चरणे श्मशानभूमिकायां वेताला नमंति<br>**जमणी बाजू**—वेताल धाविवि बंधरूपा |
| ३३३–२ | ३२. | आखा पानामां चित्र छे.<br>**डाबी बाजू**—राजा सभायामुपविष्टः । वेतालश्छत्रं धरति<br>**जमणी बाजू**—वेताला नृत्यं कुर्वेति । एकः तुलाहस्तो नृत्यति वृद्धरूपः |
| ३८६–१ | ३३. | आखा पानामां चित्र छे.<br>**डाबी बाजू**—राजा सभायां उपविष्टः । विक्रमराजा<br>**जमणी बाजू**—आकाशात् खेटक–खड्गधारी वेताल उत्तरितः । वेताल युद्धं करोति राजपुरुषैः सार्धम् |
| ३८७–१ | ३४. | आखा पानामां चित्र छे.<br>**डाबी बाजू**—शंखकुमरः वेतालं प्रति धावितः। राजानं प्रति वदंति पादौ लगित्वा<br>**जमणी बाजू**—वेतालरूपं युध्यमानम् । अत्र वनमध्ये सूरयः संति केचित्। दृष्टाः कुमरेण। बाहुभ्यां मिलापकं कुर्वेति द्वौ पुरुषौ |
| ४३९–१ | ३५. | वनमध्ये गणधरः समागतः। दिन्नगणधरः |
| ४४०–२ | ३६. | आखा पानामां चित्र छे<br>**डाबी बाजू**—श्रीसुपार्श्वजिन शैलेशीध्यानमाश्रितः सम्मेतशिखरोपरि<br>**वचमां**—देवा मृतकविमानमुत्पाटयंति। तीर्थंकरस्य उत्सव<br>**जमणी बाजू**—श्रीसुपार्श्वजिनदेवस्य देवा अंगसंस्कारं कुर्वेति सम्मेतशैलोपरि |
| ४४१–१ | ३७. | श्रीसुपार्श्वजिना मुक्तिं प्राप्ताः |

આ ઉતારો सुपासनाहचरियंની હસ્તલિખિત પ્રતિમાં ચિત્રોની બાજુમાં જે ચિત્ર–પરિચય આદિ લખેલ છે તેનો અક્ષરશઃ મૂળમાં છે તેવો આપવામાં આવ્યો છે. એ શુદ્ધ સંસ્કૃત ભાષામાં નથી પણ મિશ્રિત ભાષામાં છે. છતાં એ પરિચય સંસ્કૃતપ્રધાન ભાષામાં છે એ સ્પષ્ટ દેખાય છે. પ્રસ્તુત સ્મારક ગ્રંથમાં ઉપર નોંધેલાં ૩૭ ચિત્રોમાંથી પસંદ કરીને સુંદર ૭ ચિત્રો છાપવામાં આવ્યાં છે.

પ્રથમ ચિત્ર પ્રતિમાં ૧૩મું છે, જેમાં ભગવાન્ શ્રીસુપાર્શ્વનાથની માતા પોતાના પુત્રને લઈને પારણામાં બેઠાં છે અને પુત્રને રમાડી રહ્યાં છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બીજું ચિત્ર પ્રતિમાં ૧૭મું છે, જેમાં સુપાર્શ્વનાથ સોમા નામની રાજકુમારીને પરણી રહ્યા છે એ પ્રસંગનું દર્શન છે. એટલે એમાં ચોરીનો અને હસ્તમેળાપનો પ્રસંગ દેખાડવામાં આવ્યો છે.


ત્રીજું ચિત્ર પ્રતિમાં ૧૯મું છે, જેમાં ભગવાનના દીક્ષાપ્રસંગનું દર્શન છે. એટલે ભગવાનને કેશલુંચન કરતા બતાવવામાં આવ્યા છે. આ ચિત્રમાં વૃક્ષોને અતિસુંદર રીતે ચીતરવામાં આવ્યાં છે, જેથી ચિત્ર આકર્ષક બને છે.

ચોથું ચિત્ર પ્રતિમાં ૩૫મું છે. એમાં શ્રીસુપાર્શ્વનાથસ્વામીના મુખ્ય પટ્ટગણધર, જેમનું નામ દિન્નગણધર છે, તે વનમાં પર્ષદા સામે ઉપદેશ કરી રહ્યા છે. આ ચિત્રમાં વૃક્ષોનું સુંદર આલેખન અને રસપૂર્વક ઉપદેશને ઝીલતી પર્ષદાનું વિનીત ભાવભર્યું ચિત્ર દોરવામાં આવ્યું છે.

પાંચમું ચિત્ર પ્રતિમાં ૩૬મું છે ને તે ભગવાનના નિર્વાણ-કલ્યાણકને લગતા ઉત્સવાદિના પ્રસંગને લગતું છે. આ ચિત્રને ચિત્રકારે ત્રણ વિભાગમાં આલેખ્યું છે. પ્રથમ વિભાગમાં ભગવાન સમ્મેતશિખર-ગિરિ ઉપર શૈલેશીધ્યાન—અંતિમ સમાધિ લે છે એ દેખાડેલ છે. વચલા ચિત્રમાં ભગવાનના દેહને શિબિકામાં પધરાવી દેવતાઓને નિર્વાણ–મહોત્સવ ઉજવતા બતાવ્યા છે અને છેલ્લા ચિત્રમાં ભગવાનના દેહનો અગ્નિસંસ્કાર દર્શાવ્યો છે. અગ્નિની જ્વાળાઓની વચમાં બળતા ભગવાનના દેહનું દર્શન આમાં સુંદર રીતે આલેખવામાં આવ્યું છે.

છઠ્ઠું ચિત્ર પ્રતિમાં ૩૭મું એટલે અંતિમ ચિત્ર છે. એમાં ભગવાન શ્રીસુપાર્શ્વનાથસ્વામીને સિદ્ધિપદમાં પ્રાપ્ત થયાનું આલેખન છે.

આમ આ ભાવને સૂચવતાં ૭ ચિત્રો આ સ્મારક ગ્રંથમાં આપવામાં આવ્યાં છે, જે પ્રાચીન ગ્રંથસ્થ ચિત્રકળાના અપૂર્વ નમૂનારૂપ છે અને સ્મારકગ્રંથની શોભાનું અજોડ પ્રતીક છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



१ २ ३

चित्र ६. भगवान् श्रीसुपार्श्वनाथ स्वामीनुं निर्वाणकल्याणक

१ सातमा तीर्थंकर श्रीसुपार्श्वनाथ भगवाननुं समेतशिखर गिरि उपर कायोत्सर्ग मुद्रामां निर्वाण.
२ भगवान् श्रीसुपार्श्वनाथ स्वामिना देहने शिबिकामां पधरावी देवोए उजवेली निर्वाणयात्रा.
३ समेतशिखर गिरि उपर भगवानना देहनो अग्निसंस्कार.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org